સુધી સૌરાષ્ટ્રની ગાથામાં એ સાધકોએ તે વખતનાં લગભગ તમામ રાજ્યોની રાજરચના અને અભિવૃદ્ધિના તમામ સાધનો પરવામાં અને તેમને અર્વાચીન સ્વરૂપમાં મૂકવા માટે કરવામાં આવેલી લગભગ તમામ પ્રવૃત્તિઓમાં નાગર યોદ્ધા અથવા નાગરમંત્રીઓનો હાથ હોય જ એમ સિદ્ધ કરી આપે છે. આ નાગરસંસ્કૃતિનો પ્રદોષકાળ દેખાતો જણાય છે.

નાગરસંસ્કૃતિની એ વિભૂતિએ પોતાનો બાળ સમય પૂરો કરી યુવાવસ્થાને આંગણે પગ માંડયા. જુવાનીના જોમ જગાડવા અને બતાવવા દિલમાં તલસાટ વધવા લાગ્યો. પશ્ચિમ દિશામાંથી ઉદય પામતી શુક્લ પક્ષની ચંદ્રરેખાંશની પેઠે તેની ઉત્સુકતા ધીમે ધીમે વૃદ્ધિ પામતી જતી હતી. તેનું આશા, ઉદ્યમ અને ઉત્સાહના ચટક આપનારા તરંગોથી પ્રગતિમાં મૂકાતું તારૂણ્ય પુરૂષાર્થ સાધકતત્વો–બુદ્ધિ અને શૌર્યના અંકુરોથી પુલકિત બનતી યુવાની, વિવેકભર્યા વિચાર, નિઃસ્વાર્થ બુદ્ધિનાં નિર્મલ જલવડે પાવન થઇ પ્રતિપક્ષિઓને પોતાના ભગિરથ પ્રયત્નો વડે હફાવવાના કોડ પૂરા કરવા માટે થનગનતી જુવાની યોગ્ય પ્રસંગ આવતાં જુગતી જમાવવાની માર્ગ પ્રતિક્ષા કરી રહી હતી. એ માર્ગ પ્રતિક્ષા પોરબંદરમાં આરબ જમાદાર સાલમીનના સમરવીર છતાં એક નાના સેવક તરીકે જુનાગઢમાં ચાલતી અંધાધુંધી જોઇને થઇ રહી હતી.

જ્યારે યુવાવસ્થામાં મનુષ્ય ઉન્મત્ત થઇ વિષય વાસનાદિ વિકારોને વશ બની આળસ, કામ કે અન્ય કોઇ પ્રકારના કુછંદોના ભોગી થઇ પોતાની અણમોલ જુવાની ખોઇ બેસે છે ત્યારે આ યુવાન અમરજી પોતાની ભવિષ્યની સમૃદ્ધિ અને પ્રતિષ્ઠાને માટે પોતાના મનમાં બાજી ગોઠવી રહ્યા હતા. જુનાગઢના રાજ દરબારનું તંત્ર મલિન વાતાવરણથી ઘેરાઇ રહ્યું હતું અને રાજકુટુમ્બીઓ અટપટી ખટપટ ખેલી રહ્યા હતા. પરિણામમાં જુનાગઢ રાજકારણમાં માઠાં પરિણામો જણાયાં અને રાજતંત્ર આખું સડેલું અને અવ્યવસ્થાની આંધીમાં સંપૂર્ણ રીતે ઘેરાઇ ગયેલું આ જુવાને જોઇ લીધું. દીવાન અમરજી ઉત્સાહી બની આ બધી પરિસ્થિતિનું અવલોકન પોરબંદરમાં બેસીને કરી રહ્યા હતા. દિલ્હીનાં ડોલતાં પાયતખ્તની નિર્બળતા સર્વ દુર્દશાનું મૂળ કારણ થઇ પડી હતી. પોતાના માતામહના સ્વામી મોગલ બાદશાહની પ્રભુતાને આમ ચારે બાજુથી લૂંટાઇ જતી જોઇ તેનું લોહી ઉકળી આવ્યું. પરંતુ આભ ફાટે ત્યાં થીગડું કયાં દેવું? તથાપિ જેટલું સંધાય તેટલું સાંધી લેવાનો સંકલ્પ તેમણે કરી લીધો. પોતાનાં સ્વપરાક્રમ વડે સૌરાષ્ટ્રનાં વિવિધ સંસ્થાનોમાં એક પ્રકારની એકતા આણી તે તમામને એક અધિશ્વરની પ્રભુતા નીચે લાવી મૂકવાથી સૌરાષ્ટ્રનું ભાવિ અધિક ઉજ્જ્વલ બની જશે એવી ઉન્નત ભાવના આ નવજુવાનને નચાવવા લાગી કારણકે અખિલ સૌરાષ્ટ્રનાં આંતઃકલહના પરિણામે પ્રાચીન સૌરાષ્ટ્રનું ગૌરવ લગભગ નષ્ટપ્રાય બની ગયું હતું. સમય સાધક વીર અમરજીએ દીર્ઘદૃષ્ટિ વાપરી આ તકનો લાભ લઇ લીધો અને પોતાના નાયક આરબ જમાદાર સાલમીન પાસે તેમણે જુનાગઢ જવાની રજા માગી. નાયકની અનુમતિ મળી ચૂકી. વીર યુવાને જુનાગઢના રાજકારણમાં સદ્ધ્વડીએ ઝંપલાવી દીધું. ધન્ય છે એ યુગના અ. નિડર યુવાનને!

જુવાન જોધ જેવા અમરજીને ઉપરકોટનો કિલ્લો જીતવાનું કઠિન કાર્ય સુપ્રત થયું. સાહસિક જુવાને નિડરતાથી એ બીડું ઝીલ્યું અને ભાગ્યદેવીનાં કૃપા કટાક્ષ તરફ મીટ માંડી સમયસર હાથ આવેલી બાજી ખેલી લેવા પાસો નાંખ્યો અને ઉપરકોટનો કિલ્લો જીતા[વ] દૃઢ સંકલ્પ અને સતત પ્રયાસ શું નથી કરી શક[illegible] કુશાગ્ર બુદ્ધિને કયો માર્ગ અગમ્ય છે? સૌરાષ્ટ્ર[illegible] પ્રથમ પરાક્રમ એટલે ઉપરકોટ કિલ્લાની જીત. આ જીતે જુવાનના મહદ્ભાગ્યનાં બીજ રોપ્યાં અને તેના ભાવી મનોરથો ગતિમાં મૂકવાના માર્ગ મળી આવ્યા. ઉપરકોટના અભેદ્ય કિલ્લાની પહેલે જ ઘાએ જીત મેળવનાર રણધીરનાં પરાક્રમે સર્વને મુગ્ધ બનાવી દીધા અને ભાવિ ગત મુગ્ધતાએ વીર અમરજીને સેનાધિપતિનું ગૌરવભર્યું પદ પ્રાપ્ત કરી દીધું. એ ગૌરવશાળી પદને વધારે ગૌરવાન્વિત બનાવવા માટે જે કુનેહ અને કાર્યદક્ષતાની આવશ્યકતા રહે તે બતાવવા સારૂ અમરજી સતત પોતાની ચાણાક્ય બુદ્ધિને સદાય સરાણે ચઢાવવાનું ચૂકે તેવા ન હતા. જે ચાતુર્યથી તેના પ્રતાપી પૂર્વજોએ પોતાના મુસલમાન સ્વામીઓ સાથે ગાઢાનુરાગ સાધ્યો હતો. તે જ ચાતુર્યનો ઉપયોગ જુનાગઢના રાજકારણમાં તેમણે કરી દીધો.

તેમની કુશાગ્ર બુદ્ધિ સમજી શકી હતી કે સીપાઇગીરીનું કામ મુસ્લીમ ભાઇઓનું હતું ત્યારે વ્યવસ્થા રાખવા રખાવવાનો ગુણ હિન્દુભાઇઓમાં હતો. એ કારણે જે તે સમાજમાં વિકસેલા ગુણ કર્મ પ્રમાણે રાજરચના કરી દીધી. હિન્દુ મુસલમાન ભાઇઓ અરસપરસ સમદૃષ્ટિ ભાવથી જુએ અને જોવરાવે એ મહામંત્ર સ્મરણમાં રાખી દીવાન અમરજીએ હિન્દુ મુસ્લીમનું ઐકય ઘણી કુશળતાથી કર્યું હતું અને કેળવ્યું હતું. કે જેથી ઉભયપક્ષો એક બીજા ઉપર આવી પડતા આપત્તિકાળમાં પણ એક બીજાના ભાઇઓ બની સાથોસાથ અડગ ઉભા રહેતા હતા. આજે પણ સૌરાષ્ટ્રમાં હિન્દુ મુસલમાન ભાઇઓમાં એક બીજા તરફ કડવાશની લાગણી નથી દેખાતી તેનાં કારણમાં એ ચતુર ચાણાકયનું દૂરંદેશીપણું જ દેખાઇ આવે છે. એ મહાઅમાત્યના નીતિમંત્રો અને તેનાં રહસ્યો અજોડ હતાં. જે મંત્રો અને રહસ્યો વારસામાં મળેલા. તેમાંનો એક મહામંત્ર એ હતો કે એકવાર એક વ્યક્તિને સેવ્ય માન્યા બાદ તેનો કદી પણ તિરસ્કાર ન કરવો. એ નાગર સંસ્કૃતિનો બીજમંત્ર હોઇ શકે એમ માનવાને સ્વતઃસિદ્ધ કારણો મળી રહે છે. કારણ કે એ સંસ્કૃતિનાં પિયૂષ ઝીલતો અને એ સંસ્કૃતિમાં ઉછરતો બાળક એ મહામંત્રનો જાપ શ્રી પણ જપતો જ હોય છે. સેવકની ભાવના સેવ્ય શ્રી સ્વામીની ભાવના બદલાયા છતાં કોઇપણ નાગર સંસ્કૃતિના વારસદાર સેવકની ભાવનામાં વિકાર થયો હોય એવો દાખલો નાગર સંસ્કૃતિના ઇતિહાસમાં વિરલ જ મળી શકે તેમ છે. રાજકારણમાં તેમની નીતિ સેવ્ય વ્યક્તિની સેવા કરી અટકી બેસવાની હોતી નથી. તે તો જેટલે અંશે સેવ્ય વ્યક્તિને સેવે છે તેના કરતાં સેવ્યનું એ પદ છે તેને અધિક અંશે ભજે છે. સેવ્ય વ્યક્તિનાં હીત કરતાં તેઓ સામાન્યતઃ તેના પદના હીત ખાતર પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કરતા રહે છે. અર્થાત રાજહીત કરતાં રાજ્યહીત વધારે સંભાળવું એ મહાન નીતિસૂત્ર પાળે જાય છે અને તદનુસાર પોતાના સ્વાર્થને ભોગે પણ પોતાના આચરણમાં અપનાવે જાય છે. એજ એક છે નાગર સંસ્કૃતિની વિશિ-

સમા દીવાન અમરજીએ જીવનમાં આલેખી ઉદાહરણરૂપે આચરી બતાવી છે. કૃતજ્ઞતાનો બદલો કૃતજ્ઞતાથી વાળવો એ જો શ્રેષ્ટ સદાચાર મનાતો હોય તો અમરજી દીવાને જીવનમાં જીવી બતાવ્યો છે. સેવ્યની સેવા સેવકે કેવા અનન્ય ભાવથી કરવી તેનો અજોડ દાખલો ભાવિ પ્રજાના ઉત્કર્ષ માટે તેમણે પૂરો પાડયો છે. એક મહારથીની પેઠે રણાંગણમાં રમણ કરનાર પોતાના પ્રાણની પણ સેવાને ખાતર પરવા નહિ કરનાર, સ્વીકારેલી સેવાનો પરમ ધર્મ સમજનાર, પોતાના સ્વામી તરફથી સ્વમાન ખંડાતું જોયા છતાં સહન કરનારનો કેવો આદર્શરૂપ દાસધર્મ ! પોતે પોતાનો ધર્મ બજાવે છે એ વિચારના રસમાધુર્યમાં આત્મ સમર્પણ કરનાર એ નાગર સંસ્કૃતિ મહાન વિભૂતિની જીવન જ્યોતિ આજે સૈકાઓ વીત્યા છતાં દેદીપ્યમાન બની રહી છે અને પોતાના ભાવિ વારસદારોના જીવન પંથને ઉજાળી રહી છે. [અપૂર્ણ.]

**શ્રી. હીરાલાલ ડી. રીંડાણી,**
બી. એ., એડવોકેટ.


# પંડયા બ્રધર્સ

**ઉત્તમ પ્રકારના ચશ્મા બનાવનાર**

— તથા —

**દરેક જાતના ઘડીયાળ રીપેર કરનાર**
**તથા વેચનાર.**

સર લાખાજીરાજ રોડ, **રાજકોટ (સૌરાષ્ટ્ર)**

કેમીસ્ટ, ડ્રગીસ્ટ અને પેસન્જર્સ ટ્રાવેલ એજન્ટ:

# ધોળકીયા બ્રધર્સ ફાર્મસી

**સર લાખાજીરાજ રોડ-રાજકોટ**

**અમારે ત્યાંથી દેશી તથા વિલાયતી દવાઓ**
**અને**
**માંકડ-મચ્છર માટે પીપ મળશે.**

# સમાચાર

—મધ્ય સૌરાષ્ટ્રના લોકપ્રિય કલેકટર શ્રી નરેન્દ્રભાઈ ડી. બુચની બદલી જામનગર ખાતે હાલારના કલેકટર તરીકે થતાં તેમને વિદાયમાન આપવાનો એક શાનદાર સમારંભ ખેડુત સમાજ તરફથી રાજકોટના ટાઉન હોલમાં યોજવામાં આવેલ. શ્રી મીઠાભાઇ પરસાણા, શ્રી જયસુખલાલ શાહ અને ધારા સભ્ય શ્રી બાબુભાઈ વૈદ્યે તેમની અનેક વિધ સેવાઓને અંજલી આપેલ.

★

—મધ્યસ્થ સરકારના જળસિંચન ખાતાના નાયબ પ્રધાન શ્રી જયસુખભાઇ હાથી સૌરાષ્ટ્ર-કચ્છના પ્રવાસે આવતાં તેઓશ્રીએ સૌરાષ્ટ્રના અનેક બંધ અને જળસીંચન યોજનાઓની મુલાકાત લીધેલ. ભુજ (કચ્છ) માં રા. ગુલાબશંકરભાઈ ધોળકીયાના પ્રમુખપણા નીચે જ્ઞાતિએ તેઓશ્રીનું બહુમાન કરેલ.

★

—રાજકોટનાં નાગર યુવક મંડળની વાર્ષિક ચૂંટણી જુલાઈ માસમાં થતાં સારી રસાકસી થયેલ. મતદાન લેવાતાં નીચે મુજબ કાર્યવાહકો ચૂંટાઈ આવેલ :—

શ્રી ડૉ. કનકરાય ડી. મંકોડી—પ્રમુખ

શ્રી દિનેશ અંતાણી
શ્રી બિન્દુ માંકડ } મંત્રીઓ

શ્રી દિલીપ ધોળકીયા—પુસ્તકાલય મંત્રી

શ્રી જીતેન્દ્ર બુચ—ખજાનચી

શ્રી ધનંજય વૈશ્નવ
શ્રી સુરેન્દ્ર ઓઝા
શ્રી વિનોદ બુચ } સભ્યો

નવાં લોહી પાસેથી જ્ઞાતિહિતનાં વધુ સુંદર કાર્યોની આશા રાખી શકાય.

★

—અમદાવાદ, સુરત, વિસનગર અને રાજકોટ પછી હવે ભાવનગરમાં 'નાગર ખંડ' નું પારાયણ બેસી ગયું. તેને માટે વડનગરના શ્રી હાટકેશ્વરના પૂજારી મણીશંકરજી ખાસ ભાવનગર આવેલ. જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં લાભ ઉઠાવેલ.

# રંજન

[ આ વિભાગમાં હિંદભરની આપણી રંજન પ્રવૃતિના સમાચાર આપવા ધારેલ છે. ઉત્સાહી ભાઇ-બ્હેનોને વિગત મોકલતા રહેવા સ્નેહભર્યુ આમંત્રણ છે- તંત્રી ]

નૂતન સમાજ રચનાનો પયગામ આપતું, સર્વોદયના જીવન દર્શનને સાકાર કરતું ક્રાન્તિના મશાલધારી શ્રી જયમલ્લ પરમારના સીદ્ધ હસ્તથી લખાયેલું અને અત્રેના સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર તરફથી રાજકોટમાં ભજવાયેલાં 'ભૂદાન' નાટય પ્રયોગમાં શ્રી લલીતભાઇ ધોળકીયા, શ્રી નવીનભાઇ ધોળકીયા, શ્રી અરવિન્દ ધોળકીયા, શ્રી મહેશકુમાર ધોળકીયા અને કુમાર કુમુદ ધોળકીયાએ મૂખ્ય પાત્રોને ન્યાય આપી 'કપુરભાઇઓનું' બીરદ મેળવેલ. ક્રાન્તિકારી યુવાન સુરેશ તરીકે શ્રી નવીનભાઇ અને મૂળજીભાઇ દરબાર તરીકે લલીતભાઇની અદાકારી લોક હૃદયમાં વસી જાય તેવી હતી. જ્યારે લખમણ અને પાંચા પટેલ તરીકે શ્રી અરવિન્દભાઇ અને શ્રી મહેશ કુમારે ખેડૂ જીવનનું હૃદયંગમ ચિત્ર રજૂ કરવામાં મોટો ફાળો આપેલ. શ્રી અરવિન્દભાઇએ ગ્રામ્ય સંગીત, દૂહા, વિગેરે હાવભાવ સહિત પીરસી ગામડાનું ઉઠાવદાર વાતાવરણ સર્જવામાં મોટી સહાય આપેલ. જ્યારે શ્રી નવીનભાઇની ક્રાન્તિની ચીનગારી વેરતું સંગીત હૃદયના ધબકારા વધારી દેતું હતું. કહેવાની જરૂર નથી કે આ બન્ને ભાઇઓ અમદાવાદ વડોદરા રેડીયો ઉપરથી અવારનવાર સંગીત પીરસતા રહે છે અને અત્રેની આપણી 'રૂદ્ર રંજન સમિતિ' ના અદના કળાકારો છે. આપણાં તેમને અભીનંદન હો !


ડૉકટરોનાં પ્રીશક્રીપશન મુજબ તેમજ નંબર કાઢી કિફાયત ભાવે ઉત્તમ પ્રકારના ચશ્મા બનાવનાર

**ગુલાબરાય એમ. વોરા**

**રીગલ ઓપ્ટીકલ કું.**

ત્રીકોણીયા બગીચા સામે,

રાજકોટ : : (સૌરાષ્ટ્ર).

## આ માસનો સુવિચાર

અનુભવ લેતો જાઉં છું તેમ જોઉં છું કે માણસ પોતે જ પોતાના સુખ દુઃખનું કારણ છે.

—ગાંધીજી



# અય જવાન!

અય જવાન, અય જવાન!

ભલા કહે તો ખરો. જવાન શબ્દ ને અનુરૂપ તારું સ્વાસ્થ્ય છે, શરીર છે, મન છે? લાત મારીને ભીંત તોડી નાખવા જેટલું સામર્થ્ય છે? તાઝગી છે? નથી તો શા માટે નથી. તેનો તેં કદી શાંતચિત્તે વિચાર કર્યો છે? શહેરની ચાપલાઈ, વાચાળતા અને દેહના ઉપરના ઝગમગાટમાં તારો આંતરિક વિકાસ કેટલો રૂંધાઈ ગયો છે તેનું તને જ્ઞાન છે?

તારી દિનચર્યા તેં તપાસી જોઈ છે, જવાન! આગલા જમાનાનાં, અરે એક જ પેઢી પહેલાંનાં શરીર સાથે આજનું તારું સ્વાસ્થ્ય ધોરણ સરખાવતાં તને કમકમાટી નથી ઉપજતી? સાચાં દૂધ, ઘી અને અનાજ મળતાં નથી તે ફરિયાદ સાથે તારું અનિયમિત અનિયંત્રિત જીવન આમાં કેટલો મહત્વનો ભાગ ભજવે છે તેનો કદી તેં વિચાર કર્યો છે?


સરખાવ તો ખરો એ જમાનો જ્યારે બ્રાહ્મ મુહૂર્તે આપણે—આપણા પૂર્વજો—પથારીમાંથી બેઠા થઈ જતા અને આપણે, તે જ પૂર્વજોના વંશજો, આજે સૂર્યવંશી કહેવરાવવામાં ગર્વ લઈએ છીએ. ખભે ટુવાલ, હાથમાં લોટો, મોંમાં રામ નામ અને નદીના પટ તરફ ઉષાની આવતી સ્વારીને વધાવવા નીકળી પડતાં માનવ શરીરને સ્નાનની શી કમીના હોય! નદીનાં ખળખળ વહેતાં તાજાં પાણીમાં પ્રાતઃકાળનું સ્નાન કેટલી બધી તાજગી અર્પતું હશે તે તું કલ્પી શકે છે? નદીની મધ્યમાંજ ઊભા રહી ઊગતા સૂર્યનારાયણને અર્ઘ્ય આપતા બ્રાહ્મણ પુરુષની છાતી કેટલી પ્રતિભાશાળી હશે! ઊગતા સૂર્યનાં કિરણો ઝીલતાં તે શરીરને હવાખાવાના 'સેનેટોરિયમ' માં કે 'એક્સરે' માં ચેક લેવા જવું ન પડે તે સમજી શકાય તેવું છે. હરિનામ લેતું તે માનવ શરીર કેટલું ચેતનવંતું બનતું હશે! જગત જ્યારે શાંત હોય, તાજી હવા જ્યારે રેલાતી હોય ત્યારે નિયમિત રીતે પ્રાણાયામ કરતા એ દેહને હાલતાં–ચાલતાં હૃદયના હુમલાનો (હાર્ટ એટેક) કે બ્લડ પ્રેશરનો ભય શેનો હોય!

અત્યારે તો એમેચ્યોર નાટ્ય પ્રયોગમાં જ જોવામાં આવતો 'ધમ્મર વલોણાં' નો હંમેશ પ્રયોગ કરતી તે વખતની બ્હેનોની માંશ પેશીઓમાંથી રક્તની ટશરોજ ફૂટતી હોયને! પોતાનું દળણું દળી નાખતી, કૂવેથી પોતાનું પાણી ખેંચી લાવતી, માથે પાણીની હેલ ઉપાડી લાવતી, પોતાનું ઘરકામ જાતે જ કરતી, પોતાનાં ઢોર–ઢાંખરની જાતે દેખભાળ કરતી એ બ્હેનોને 'એનીમીક' થવાનો ભય શેનો હોય?

અને જવાન! તારાં વ્યસનની તો વાત જ શી કરવી? કદાચ દારૂને પણ પ્રમાણમાં સારો કહેવરાવે એટલું ચ્હાનું ઝેર તારી રગેરગમાં કેટલું ફેલાતું જાય છે તેનો તેં કદી વિચાર કર્યો છે? આ ધીમું ઝેર વધારે ભયંકર છે એટલા માટે કે આ ઝેરની પીનારને પણ ભાગ્યેજ જાણ થાય છે. જ્યાં સેડકઢાં દૂધ, તાજી છાશ અને ઘી માખણની રેલમછેલ હતી તે દેશમાં આજ ચ્હાની નદીઓ વહે છે. આ આપણી કમનશીબી નથી? તું પોતે જ તારા હૃદયે હાથ મૂકી તને પૂછી જો કે ચ્હાના કેટલા પ્યાલા આખા દિવસમાં તારા શરીરમાં ઠલવાય છે! આશ્ચર્ય તો એ છે જે આમાં આજે તું ગર્વ લઈ રહ્યો છે.

અફસોસ છે કે આપણે ત્યાં આજે ઊલટી ગંગા વહે છે. અધઃપતનનાં આથી બીજાં એંધાણ કયાં હોઈ શકે? ગાંડાની દુનિયામાં ડાહ્યો પણ ગાંડો ગણાય તેવી વસ્તુસ્થિતિ આજે આપણે ત્યાં પ્રવર્તે છે. કહે તો ખરો

ભલા, તને જવાનનું બિરદ આપી શકાય ખરૂં ? આયના સામે જરા ઉભો તો રહે, ભાઇ ! બેસી ગયેલું ડાચું, વળી ગયેલી કમર, ફીક્કું મોઢું, ટાપટીપથી કરેલા દેહ શણગારમાં ન મળે તાઝગી, ન મળે જીવનનો ઉત્સાહ કે થનગનાટ. દેખાય તે નરી વેવલાઇ, ઉપર છલી વાચાળતા ! શું કરે આવાં શરીર ને ? સમાજ ઉપર આવાં શરીર ભાર રૂપ છે તેમ તને નથી લાગતું ? આઝાદ દેશ, તારી મા-ભોમ પણ તારાં આવાં શરીર પાસેથી બીજી કઇ આશા રાખી શકે ?



સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ આપીએ—

"અત્યારે આપણા દેશને વજ્ર જેવી માંસપેશીની, પોલાદી સ્નાયુઓની જરૂર છે; જેનો સામનો થઇ શકે નહિ તેવી પ્રબળ ઇચ્છાશક્તિની જરૂર છે; વિશ્વનાં રહસ્યો ઉકેલી શકે અને મહાસાગરનાં ઉંડાણમાં, મૃત્યુનો સામનો કરીને પણ અડગ રીતે પોતાનું કાર્ય સાધી શકે એવી ઇચ્છાશક્તિની જરૂર છે."

આ બધું ક્યારે શક્ય બને ?

અય જવાન ! બહુ મોડું ન થાય તે પહેલાં ચેતી જા. કાર્ય કઠિન હશે પણ અશક્ય તો નથી જ. તેં લીધેલો મારગ ભૂલ ભરેલો છે. આજે જ પાછો વળ, પાછો ફર. અય જવાન ! અય જવાન !

# અંજલી

૧૫ મી ઑગષ્ટ એટલે ભારતનો સ્વાતન્ત્ર દિન. એ સુભગ દિને 'કલમ, કડછી, બરછી' નો જન્મ એ એક દૈવયોગ છે. અમારી જાણમાં છે જે આ પહેલોજ પ્રયાસ નથી. નાગર ત્રિમાસિક, નાગર નેત્રમણિ, નાગરિક (કરાંચી) અને નાગરિક (મુંબઇ) ના આ દિશના પ્રયાસો ભૂલાયા નથી, ભૂલાશે પણ નહિ. ઉનાવાનું 'નાગર બંધુ' અને અમદાવાદનું નાગર-યુવક ( અગાઉનું 'નાગર જ્યોતિ' ) ના આ દિશાના પ્રયાસો ચાલુ છે. આ તમામ બંધુ પત્રોને આજે મૂક અંજલી આપતાં અમને હર્ષ થાય છે. નીકળતાં સામયિકોનું 'બરછી' પૂરક બની રહે તેટલી જ અભ્યર્થના ! 'બરછી' નું ધ્યેય ખૂબ ઉન્નત છે, આદર્શ ઉંચો છે. આ માસિક કોઇ એક વ્યક્તિનું નથી, કોઇના અંગત આર્થિક લાભનું તે સાધન નથી. તેની અભિલાષા નાગર સમાજને જ ઉપયોગી બનવા જેટલી સંકુચિત ન હોઇ શકે. ખરા નાગરિક થવા ઇચ્છતા પ્રત્યેક માનવી માટે 'બરછી' ઉપયોગી માર્ગદર્શન આપે એ અમારી ભાવના છે. આવાં પ્રકાશનમાં નડતી આર્થિક મુશ્કેલીનું પણ અમને ભાન છે. પણ જ્ઞાતિજનોના સહકાર ઉપર નિર્ભર રહી અમે આ સાહસ ખેડેલ છે. નાગરી સંસ્કૃતિનું મશાલચી બનવાનાં ધ્યેય તરફ શ્રી હાટકેશ અમને દોરે તેટલી જ પ્રાર્થના !


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખું પાનું | ૬" × ૮" | ... | ...રૂ. ૨૫/- |
| અડધુ પાનું | ૬" × ૪" | ... | ...રૂ. ૧૫/- |
| પા પાનું | ૩" × ૪" | .... | ...રૂ. ૮/- |
| | ૩" × ૨" | ... | ...રૂ. ૫/- |

એકી સાથે બાર માસની જા × ખ. આપનારને ભાવમાં કન્શેશન આપવામાં આવે છે.

— મળો અગર લખો —

વ્યવસ્થાપક

**બરછી કાર્યાલય**

સીડી પાસે, સદર, રાજકોટ.

# આપણા સંસ્કાર નેતાઓ.

પ્રસ્તુત લેખક માળાનો ઉદ્દેશ છેલ્લા એક સૈકા દરમિયાન ગુજરાતી પ્રજાના સંસ્કાર ઘડતરમાં સાહિત્ય અને સમાજ સેવા દ્વારા આપણી જ્ઞાતિના જે જે સજ્જનોએ વિશિષ્ટ ફાળો આપેલ છે તેનો પરિચય કરાવવાનો છે. ગુજરાતી સાહિત્યમાં નાગર જ્ઞાતિના અર્પણ વિષે આ અગાઉ સામયિકોમાં કેટલુંક લખાઇ ગયું છે. ખાસ કરીને નડિયાદી સાક્ષરો વિષે તો એક સ્વતંત્ર પુસ્તક પણ રચાયું છે. એટલે એ વિષયનું ચર્વિત ચર્વણ કરવું યથાર્થ નથી. અહીં જે પરિચય આપવાનો છે તે છે આપણી જ્ઞાતિના સાક્ષરો, કેળવણીકારો, સુધારકો અને સમાજ સેવકોના વિશિષ્ટ વ્યકિતત્વનો, એમના અર્પણનો નહિ. એમના અર્પણનું મૂલ્યાંકન એ સ્વતંત્ર વિષય છે. એટલે આ લેખમાળા વ્યકિત લક્ષી છે.

આમતો હજારેક વર્ષના આપણા સાહિત્યનો ઇતિહાસ તપાસીએ અને એમાં નાગર જ્ઞાતિના અર્પણનો વિચાર કરીએ તો સાક્ષરો અને શાસ્ત્રકારો ઉપરાંત કવિઓ, ભકતો અને સાધકોની નામાવલિ પણ બહુજ લાંબી થઇ જાય છે. આપણા મધ્યકાલીન સાહિત્યના આદિ અને અન્તિમ કવિ—નરસિંહ અને દયારામ બંને—નાગર હતા. એને એક શુભયોગ ગણવો જાઇએ. એ બે કવિપ્રવરો વચ્ચે મધ્યકાળમાં પદ્મનાભ, ભાલણ, ઉદ્ધવ, વિષ્ણુદાસ, ત્રિકમદાસ વગેરે સંખ્યાબંધ નાગર કવિઓ થઇ ગયા છે. એ બધાનો જો અહીં પરિચય આપીએ તો આ લેખમાળા માત્ર કાવ્ય વિવેચનનીજ બની જાય જે અહીં ઉદ્દિષ્ટ નથી. એટલે માત્ર છેલ્લા સો વર્ષ દરમિયાન, પાશ્ચાત્ય કેળવણી અને સંસ્કૃતિનો પ્રવાહ આપણે ત્યાં શરૂ થયો ત્યાર પછી આપણી જ્ઞાતિના ધુરન્ધરોએ ગુજરાતી પ્રજાના નવ ઘડતરમાં સાહિત્ય અને સમાજ સેવા દ્વારા જે ફાળો આપ્યો છે તેનોજ અહીં પરિચય આપવાનો ઉપક્રમ રાખેલ છે.

અને એ નામાવલિ પણ નાનીસૂની નથી. એમાં સૌથી પહેલો આવે છે **નર્મદઃ** નવયુગનો એ અરૂણ બન્યોઃ સુધારકોનો એ સેનાની બન્યોઃ 'વહેમ યવન' સામે જીવનભર યુધ્ધ ખેલી, 'યાહોમ કરીને' આગળ પડી એણે સમાજજીવનની કેટલીએ બદીઓ ધરમૂળથી ઉખેડી. કવિતા, નાટક, નિબંધ, વિવેચન, ઇતિહાસ આદિ સાહિત્યનાં અનેકવિધ ક્ષેત્રોમાં નવ પ્રસ્થાન કરી ગુજરાતી પ્રજાને એણે નવું દિશાસૂચન કર્યું. 'પ્રેમશૌર્ય'નો અમર મંત્ર ફૂંકી અર્વાચીન કાળના આદિ સાહિત્યકાર તરીકે એ તવારીખને પાને અમર થઇ ગયો. એ હતો સૂરતનો નાગર બ્રાહ્મણ. પછી આવે છે દુર્ગારામ મહેતાજી, નવલરામ પંડયા અને નંદશંકર તુલજાશંકર મહેતા. પહેલાએ 'માનવ ધર્મ સભા' સ્થાપી અજ્ઞાન, વહેમ, જાદુ, મંતર જંતર, ભૂતપ્રેત વગેરે સામે જોર શોરથી પોકાર કરી વ્યાપક લોક કેળવણીનું ચિરંજીવી કાર્ય કર્યું . બીજાએ સૌમ્ય પ્રકૃતિનાં અને સ્વસ્થ શૈલીનાં વિવેચનો આપ્યાં અને 'શાળાપત્ર' દ્વારા કેળવણી અને સમાજ સુધારાના ક્ષેત્રમાં ગણનાપાત્ર કાર્ય કર્યું. ત્રીજાએ 'કરણ ઘેલો' નામે પહેલી ઐતિહાસિક નવલકથા ગુજરાતને આપી ગુજરાતી ગદ્યની શોભા અને સમૃદ્ધિ વધાર્યાં. એ ત્રણેય હતા સૂરતના નાગર. પહેલા નાગર બ્રાહ્મણ, બીજા વિસનગરા અને ત્રીજા વડનગરા અનંતપ્રસાદ ત્રિકમજી વૈશ્નવને પણ આપણે ભૂલી શકીએ તેમ નથી. એજ ચિત્રાવલિને આગળ વધારીએ તોપછી આવે છે ભોળાનાથ સારાભાઇ અને મહીપતરામ નીલકંઠ. બંને અમદાવાદની 'પ્રાર્થના સમાજ'ના સ્થાપક અને પ્રખર સુધારક. મહીપતરામે સંભવતઃ ગુજરાતીઓમાંથી સૌથી પહેલો ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડેલો અને એ નિમિત્તે જમાનાને અનુરૂપ એવો જ્ઞાતિનો વિરોધ પણ સહન કરેલો. એ બંને પણ અનુક્રમે અમદાવાદ અને સૂરતના વડનગરા નાગર.

૧૮૭૫–૮૦ પછી યુનિવર્સીટીની ઉચ્ચ કેળવણી

લઇ જે યુવાનોએ સાહિત્ય સેવામાં ઝંપલાવ્યું એમાં નાગર–યુવાનોનો ફાળો ઘણો મોટો છે. પરિણામે આપણા સાહિત્યના 'પંડિત યુગ' માં નાગર–સાક્ષરો જ અગ્રસ્થાને બિરાજતા દેખાય છે. 'સરસ્વતીચંદ્ર' જેવી 'જગત કાદંબરી' ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી; 'કુસુમમાળા' દ્વારા નવી શૈલીની સંગીત કલ્પ કવિતા આપનાર અને ભાષા શાસ્ત્રના ક્ષેત્રમાં આન્તર રાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવનાર 'સાક્ષર સત્તમ' નરસિંહરાવ દીવેટિયા; સંસ્કૃતમય ગુજરાતીના મૂળ પ્રવર્તક વેદાન્તવિદ્ મનઃસુખરામ ત્રિપાઠી; 'સુદર્શન' અને 'પ્રિયંવદા' દ્વારા આર્યધર્મ અને આર્ય સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવનાર બ્રહ્મનિષ્ઠ પંડિત મણિલાલ નભુભાઇ; સુજ્ઞ ગોકુલજી ઝાલા અને મુત્સદીવર્ય બ્રહ્મનિષ્ઠ પંડીત ગૌરીશંકર ઓઝા; 'આર્યોત્કર્ષ' ના લેખક વીર કવિ હરિલાલ હર્ષદરાય ધ્રુવ; અને સંસ્કૃત સાહિત્યના અમર વારસાનું ગુજરાતીમાં પાન કરાવનાર રસ પાંડીત્યની દીપ્તિરૂપ કેશવલાલ હર્ષદરાય ધ્રુવ: 'ભદ્રંભદ્ર' દ્વારા ગુજરાતને પહેલી કટાક્ષકથા આપી 'સનાતની' વિરુદ્ધ 'સુધારકો' નો મોરચો માંડનાર રમણભાઇ નીલકંઠ અને ગુજરાતનાં પહેલાં સ્ત્રી ગ્રેજ્યુએટ વિદ્યાબહેન નીલકંઠ; 'વસંત' માસિક દ્વારા વિદ્યાક્ષેત્રે એકલે હાથે એક યુનિવર્સીટી જેટલું કામ કરનાર 'આપણો ધર્મ' ના લેખક આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ અને 'સાહિત્ય પ્રવેશિકા' ના લેખક હિંમતલાલ ગણેશજી અંજારીયા તેમજ 'કાદમ્બરી' ના અનુવાદક છગનલાલ પંડ્યા તથા 'શાકુન્તલ' ના અનુવાદક ઝવેરીલાલ ઉમીયાશંકર વગેરે અનેક વિદેહ અને વિદ્યમાન સાક્ષરોના નામ સહેજે યાદ આવી જાય છે. 'નાગર' એ શબ્દને 'સાક્ષર' ના પર્યાય બનાવ્યો આ પંડિતો એ જ.

છેલ્લી પચ્ચીસીની વાત કરીએ તો પણ ગુજરાતના સમૃદ્ધ સંસ્કાર જીવનમાં આપણી જ્ઞાતિની કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓ મોખરે રહેતી જણાય છે. ડૉ. સુમન્ત મહેતા, સૌ. શારદાબહેન મહેતા, સૌ. વિનોદિની નીલકંઠ, સૌ. સરોજિની મહેતા, શ્રી. ગટુભાઇ ગો. ધ્રુ વગેરે એ સમાજ સેવાના ક્ષેત્રમાં જે કાર્ય કર્યું છે તે કોઇ પણ જ્ઞાતિના ગૌરવરૂપ છે. શ્રીયુત ગગન વિહારી મહેતા જેવા કોઇક તો સાહિત્યમાંથી અર્થકારણ અને રાજકારણમાં પ્રવેશી પરદેશમાં મહામોંઘું એલચી-પદ શોભાવી રહ્યા છે. સાહિત્ય ક્ષેત્રે જયસુખલાલ જોષીપુરા રમણલાલ દેસાઇ, રામપ્રસાદ બક્ષી, ડોલરરાય માંકડ, પ્રો. જયેન્દ્ર દુરકાળ, વિજયરાય વૈદ્ય, સ્વ. ગજેન્દ્ર બૂચ, ડૉ. રમણલાલ યાજ્ઞિક, નટવરલાલ બૂચ ('અનાવટી ફૂલો' ના લેખક), ઇન્દ્ર વસાવડા, રતિલાલ છાયા, ડૉ. મંજુલાલ મજમુદાર, ભાનુસુખરામ મહેતા, 'કુસુમાકર', વગેરે સંખ્યાબંધ યુવાન, પ્રૌઢ અને વૃધ્ધ નાગર વિદ્વાનોએ પોતપોતાની રીતે કવિતા, વાર્તા, નિબંધ, વિવેચન, ઇતિહાસસંશોધન આદિ ક્ષેત્રોમાં સમૃદ્ધ ફાળો આપ્યો છે. અને ગુજરાતના સંસ્કાર ધનમાં અભિવૃધ્ધિ કરી છે. આપણે એ સહુનો ક્રમશઃ પરિચય કરી આપણી જ્ઞાતિનાં આ નર નારી–રત્નોનાં વ્યક્તિત્વને નવેસરથી ઓળખવા પ્રયત્ન કરીએ.

—**શ્રી. ઇશ્વરપ્રસાદ જોષીપુરા**, એમ. એ.


**શક્તિ મેડીકલ સ્ટોર્સ**

ગંજ બજાર–**વીરમગામ**

અમારે ત્યાં ઝંડુ ફાર્મસી મુંબઇની આર્વેયુદીક તથા એલોપેથીક દવાઓ તેમજ દરેક જાતની પેટંટ દવાઓ તથા ઇન્જેકશનો મળે છે.

મળો યા લખો ઉપરના સરનામે

**આર. બી છાયા**

પાટનગરનું એક
અને
અજોડ ફોટો ઘર

**અરૂણ સ્ટુડીયો, રાજકોટ.**

કળામય ફોટોગ્રાફી અને એન્લાર્જમેન્ટ માટે.

# 卐 આપણી સંસ્થાઓ 卐

[ આ શીર્ષક નીચે દર માસે હિંદભરમાં કામ કરી રહેલી આપણી સંસ્થાઓનો પરિચય આપવાનું ધારેલ છે. જેથી કરીને જુદે જુદે સ્થળે જ્ઞાતિ માટેનાં થઇ રહેલાં કાર્યની આપણને જાણ થતી રહે. ઉત્સાહી ભાઇ-બ્હેનોને પોતપોતાને ત્યાં ચાલી રહેલી સંસ્થાઓની વિગત મોકલી આપવા આમંત્રણ છે.

—તંત્રી. ]

## મુંબઇ

૧ સમસ્ત નાગર કો-ઓપરેટીવ બેંક લી. પ્રમુખ શ્રી બીન્દુભાઈ રૂપશંકર ઓઝા મંત્રી શ્રી સત્યેન્દ્ર એમ. વોરા ઠે. નોબલ ચેંબર્સ પારસી બઝાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

૨ શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ. પ્રમુખ ડો. નર્મદાશંકર મા. મંકોડી મંત્રીઓ શ્રી ભાસ્કરરાવ ક. રીંડાણી શ્રી જશુભાઇ બી. બુચ. ઠે. એ ૫૮ મણીનાગર નિવાસ પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઇ

૩ શ્રી પ્રશ્નોરા વિદ્યાર્થી મંડળ. પ્રમુખ ડો. રજનીકાન્ત બી વૈદ્ય મંત્રી શ્રી ભુમેશ ચં. વૈદ્ય. ઠે ડો. આર. બી. વૈદ્ય ૨૪, જૂની હનુમાન ગલી, [illegible]વાડી, મુંબઇ-૨

૪ શ્રી પ્રશ્નોરા વિદ્યોત્તેજક ફંડ. મંત્રી શ્રી ચુનીલાલ પી. ભટ્ટ. ઠે. શ્રી ચુનીલાલ પ્રભાશંકર ભટ્ટ, ગણેશ બાગ, વીન્સેન્ટ રોડ, માટુંગા (C.R.) મુંબઇ-૧૯

૫ શ્રી વિસનગરા ઉપનગર મંડળ. ઠે શ્રી. કે. બી. પંડીત એન કોલોની ઘોડબંદર રોડ, વીલે પારલે

૬ શ્રી મલાડ નાગર મંડળ. પ્રમુખ શ્રી ચંપકલાલ બ. બુચ મંત્રી શ્રી ગજેન્દ્ર મ. બુચ ઠે. શ્રી ગુલાબરાય કે. બુચ બનારસી મેન્શન, ઘોડબંદર રોડ, મલાડ

૭ શ્રી વડનગરા નાગર વિદ્યોત્તેજક સહકારી લી. પ્રમુખ શ્રી મારકંડરાય બી. મહેતા મંત્રીઓ શ્રી રામપ્રસાદ પી. બક્ષી શ્રી ગણપતરાય શં. રીંડાણી ઠે. શ્રી રામપ્રસાદ પી. બક્ષી ગોપાલ ભુવન, ટાગોર રોડ, સાંતાક્રુઝ

૮ શ્રી નાગર ફંડ. ઠે. શ્રી રૂદ્રપ્રસાદ માધવરાય મંકોડી પન્નાલાલ ટેરેસીઝ ગ્રાન્ટ રોડ, મુંબઈ-૭

૯ શ્રી જુનાગઢ નાગર ભાતૃ મંડળ ઠે. શ્રી શાંતિભાઈ ગી. ધોળકીયા લ્યુનઃ સ્ટુડીયો, કાલબા દેવી, મુંબઇ, ૭

૧૦ શ્રી સમસ્ત નાગર યુવક મંડળ મંત્રી શ્રી જયેન્દ્ર ભો. ધોળકીયા ઠે. ૧૯, પોદ્દાર બ્લોક્સ બીસન્ટ સ્ટ્રીટ, સાન્તાક્રુઝ મુંબઇ, ૨૩

### શ્રી નાગર યુવક મંડળ, મુંબઈ

છેલ્લા વીશ વર્ષોથી ઉપરોક્ત સંસ્થા સમસ્ત નાગરોના ધોરણે જ્ઞાતિજનોની સેવા કરતી આવી છે. કદાચ સમસ્ત બંધુત્વની ભાવના રાખીને કાર્ય કરવાનું અને તે દ્વારા સમસ્ત જ્ઞાતિજનોમાં સહકાર અને સહૃદયતાની ભાવના કેળવવાનું માન આ સંસ્થાને જાય છે તેમ કહીએ તો ખોટું નથી. આ સંસ્થાની મૂળભૂત પ્રવૃત્તિ જ્ઞાતિના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો ભણવા માટે આપવાની છે. દર વર્ષે લગભગ ૬૦ શાળાના અને ૧૫૦ કોલેજના વિદ્યાર્થીઓ આ સંસ્થામાંથી મળતાં પુસ્તકોનો લાભ લે છે. જ્ઞાતિજનોના સહકાર અને સંસ્થાની લોકપ્રિયતાથી સંસ્થાને યોગ્ય સહાય-આર્થિક અને માનસિક-મળતીજ રહે છે. સમસ્ત પરિષદે પણ મુંબઇમાં તેના દરેક કાર્યનો આ સંસ્થા સાથે ઘાટ સંપર્ક સાધી વેગ સાધેલ છે. સમસ્ત નાગર કો-ઓપરેટીવ બેંક લી. એ પણ તેનાં "બેંક-વીક" ની ઉજવણી વખતે નાગર યુવક મંડળના સહકારથીજ "બેંક-વીક" ના કાર્યની શરૂઆત કરી હતી. તદુપરાંત કલા-પ્રદર્શન, પર્યટન, રમત-ગમત અને વક્તૃત્વ કલા હરીફાઇ વગેરે પ્રસંગો યોજી વર્ષ દરમ્યાન સંસ્થાના કાર્યકરો પ્રવૃત્તિમય મુંબઇના જીવનમાં પણ સંસ્થા માટે સારાં કાર્યો હાથ ધરી રહેલ છે. ટૂંકમાં મુંબઇમાં વસતા જ્ઞાતિના લગભગ ૨૫૦૦ ઘરોની એક મધ્યવર્તી સંસ્થા લેખે નાગર યુવક મંડળ, મુંબઇને ગણાવી શકાય જ્ઞાતિજનોના વિપુલ સહકાર અને કાર્યકરોના કામની ધગશ-આ બન્ને અંગો જો સાથોસાથ રહેશે તો નાગર યુવક મંડળ જ્ઞાતિજનોનાં ઘણાં વિકટ કાર્યો ભવિષ્યમાં સફળતાથી હાથ ધરી શકશે તેની ખાત્રી છે.

## શુભેચ્છાઓ

'કલમ, કડછી, બરછી' ઉપર હિન્દભરમાંથી જ્ઞાતિજનોએ વર્ષાવેલી શુભેચ્છાની ધારાઓ અમે અકળાઇ જઇએ તેટલી જોરદાર અને અવિરત હતી અને છે. અમારી ઇચ્છા તો એ હતી જે શુભેચ્છાના આ તમામ સંદેશાઓને ટૂંકમાં રજૂ કરવા. જગ્યાના અભાવે તે વસ્તુ શક્ય નહિ બને તેની અમને દિલગીરી છે. આ મહાનુભાવોની નામાવલિ મૂકવાની ઇચ્છા પણ આ અંકમાં તો રોકવી પડે છે. એટલે આવા સંદેશા મોકલનાર એ ભાઇ-બ્હેનોનો ખૂબ ખૂબ આભાર માની અમે સંતોષ માનીએ છીએ. આ સંદેશાઓ અનુકૂળતાએ ક્રમે ક્રમે આપવાની ધારણા છે. આ વખતે આપણાં વિદુષી બ્હેન જેનું નામ આજે સારા ગુજરાતમાં ઘેર ઘેર જાણીતું છે તે બ્હેન કોકિલા સગુણરાય મહેતા અને વિદ્વાન ભાઇ જેનું નામ ગુજરાતના લોક હૃદયે આજે રમી રહ્યું છે તે આપણા હાસ્ય સમ્રાટ શ્રી જ્યોતીન્દ્ર દવે- આ બે સંદેશા રજૂ કરતાં અમને હર્ષ થાય છે.

**મુંબઈ** તા. ૧૮-૬-૫૪

ભાઇશ્રી,

શારીરિક વ્યાયામ ઉપરાંત હવે તમે માનસિક વ્યાયામ પણ જ્ઞાતિબંધુઓ પાસે કરાવવાનો નિર્ણય કર્યો છે તે જાણી આનંદ થયો.

બરછી સ્થૂળ પ્રકારની મારવા કરતાં કલમની બરછી મારવાનુંજ માહાત્મ્ય અત્યારે તો વધારે છે.

તમારા પ્રયાસ સર્વથા સફળ નિવડે અને જ્ઞાતિ જનોની શારીરિક ઉન્નતિ સાધવાનું શ્રેય તમે પ્રાપ્ત કર્યું છે તેથી યે વધુ શ્રેય તમે આ પ્રયાસદ્વારા એમની સર્વદેશીય પ્રગતિ સાધવામાં સહાય કરીને પ્રાપ્ત કરો એમ ઇચ્છું છું. એજ

—**જ્યોતીન્દ્ર હ. દવે**

**અમદાવાદ**, તા. ૮-૭-૫૪

ભાઇશ્રી,

××× પત્ર ઉપરના પ્રતીક 'કલમ, કડછી, બરછી, જોતાં એ વિશેષ ઓળખાણ નાગર સાથે સમ્બન્ધ ધરાવે છે એવું મનને અનુમાન થયું ××× હું ધારું છું ત્યાં સુધી આજના આ પ્રગતિશીલ સુધાર યુગમાં આપણે આપણી પ્રગતિ કરીને એ પ્રગતિમાં વિશાળ દૃષ્ટિ આવી જાય તે માટેજ પ્રયત્ન કરવો જોઇએ. હું ઇચ્છું છું કે આપ આપના શુભ યત્નમાં સફળ થાઓ અને શ્રી હાટકેશ આપણને સહુને શુભ પ્રેરણા આપે અને સમાજને ઉંચે રસ્તે દોરે તેવું સાહિત્ય જન સમાજને આપી શકીએ.

**કોકિલા મહેતા**

બી. એ. એલ.એલ. બી., એડવોકેટ

સેકન્ડ કલાસ ઓનરરી લેડી મેજીસ્ટ્રેટ

---


પાટડીઆ તુલસીદાસ જાદવજી એન્ડ બ્રધર્સ

**—: મીનાવાળા :—**

એટલે

આધુનિક અને અવનવી આકૃતિના

અલંકારોનું એક અને અજોડ આકર્ષણ

સોની બજાર :: **રાજકોટ.**

---

**-: કોકોઆ આંબળાં પડી :-**

★ જ્ઞાન તંતુને પોષણ આપે છે.

★ ખરી પડતા વાળને અટકાવે છે.

★ મગજની નબળાઈ દૂર કરે છે.

★ અનિદ્રા, આંખની ગરમી, ચિત્ત ભ્રમ વગેરેને દૂર કરી શાંત નિદ્રા આપે છે.

★ વાળને કાળા, લાંબા, સુંવાળા બનાવે છે.

★ શાસ્ત્રોક્ત રીતે ઉચ્ચ પ્રકારના કિંમતિ વસાણામાંથી બનાવેલ છે.

— દરેક જગ્યાએ મળે છે —

[ નીચેના શીર્ષક મુજબ દરેક મહિને મુંબઇના જાણીતા પત્રકાર અને વિવેચક શ્રી હરિશ બુચ તેમણે જાતે જોયેલા–જાણેલા રસીક બનાવોનું વર્ણન "બરછી"ના વાંચકો માટે ખાસ આપશે. તેમાં તેઓ દર માસે સુપ્રસિદ્ધ વ્યક્તિઓના જીવનની હળવી બાજુના પ્રસંગોની અપ્રસિદ્ધ વાતો રજૂ કરશે. આ પ્રસંગો "બરછી" માટે જ ખાસ લખાયા હોઇ અને પહેલી જ વાર પ્રસિદ્ધ થતા હોઇ વાંચકોને જરૂર તેમાં રસ પડશે અને કંઇ નવું જાણવા મળશે તેવી આશા છે.—તંત્રી. ]

# સુપ્રસિદ્ધ વ્યક્તિઓની અપ્રસિદ્ધ વાતો ... ... હરિશ એસ. બુચ.

નવી દિલ્હી ખાતે એક સાંસ્કૃતિક મંડળ તરફથી મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો, તેમાં વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ અને ઉપવડા–પ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલથી માંડીને બીજા ઘણા પ્રધાનો હાજર હતા. તખ્તાપરના એક કલાકારે એકાએક ભારે સનસનાટી મચાવી દીધી. મીમીક્રીના પ્રયોગો કરતાં તેણે બોલવા–ચાલવામાં વડા પ્રધાન શ્રી. નહેરૂની આબેહુબ નકલ કરવી શરૂ કરી. ભાષણ કરતી વખતે :શ્રી. નહેરૂનો અવાજ આબાદ રજૂ કર્યો અને ચહેરા પરના હાવ–ભાવ અને હાથની મુદ્રાઓ શ્રી. નહેરૂની જેમજ પ્રદર્શિત કરી. વડા પ્રધાનની નકલ અને તે પણ તેમની હાજરીમાં! સરદાર પટેલનો મિજાજ એકદમ ગયો. તેમની મુખાકૃતિપર ક્રોધનાં વાદળ ચડી આવ્યાં. અને હાજર રહેલા બીજા પ્રધાનો પણ ગંભીર બની ગયા. પ્રેક્ષકોમાં પણ ખળભળાટ થઇ ગયો. સૌ કોઇને થયું કે કંઇ નવાજૂની થવી જોઇએ અને પેલા કલાકારનું તો આવીજ બન્યું! વાતાવરણ તંગ બની ગયું અને બધા હવે શું થશે તેની શ્વાસભેર રાહ જોવા લાગ્યા. પણ સૌના આશ્ચર્ય વચ્ચે આગલી હરોળમાંથી તાળીઓનો અવાજ સંભળાયો.

તમે માનશો ? આ નકલ કરનારની કળાથી સૌથી વધારે આનંદ કોને થયો ? શ્રી. નહેરૂને પોતાને! તેઓ પોતાની આવી સરસ નકલ જોઇ ઉપરા–ઉપર ખૂબ હસવા લાગ્યા અને પેલાને પ્રોત્સાહન આપવા તેમણે ખૂબ ખૂશ થઇ તાળીઓ પાડી. બીજા પ્રધાનો થોડીવાર એકબીજા સામું જોઇ રહ્યા. પછી તેઓ પણ હસવા લાગ્યા અને તેમણે પણ વડા પ્રધાને પાડેલી તાળીઓ વધાવી લીધી. સરદાર પણ પંડિતજીનો આનંદ જોઇ પ્રફુલ્લિત બની ગયા અને તેમના ક્રોધાયમાન ચહેરાપર આનંદની રેખાઓ ફરી વળી...... અને આખો 'હોલ' વડા પ્રધાનને હસતા જોઇ તાળીઓથી ગાજી ઉઠયો.

શ્રી. નહેરૂની ખેલદિલ પ્રકૃતિનું આ પ્રસંગ એક ઉત્કર્ષ ઉદાહરણ પૂરૂં પાડે છે.

* * *

દેશના ભાગલા પડયા પહેલાંનો આ પ્રસંગ છે. ગાંધીજી મુંબઇમાં બિર્લા–હાઉસ ખાતે આવેલ હતા. પ્રાર્થનાના સમય પહેલાં મુંબઇના એક અગ્રગણ્ય વેપારીના પુત્ર એક મિત્રો સાથે તેમની મુલાકાતે આવી પહોંચ્યા. ગાંધીજીની બાજુમાં સરદાર પટેલ બેઠા હતા. થોડી વાતચીત પછી જવા વખતે પેલા યુવાન વેપારી મહાશયે ગાંધીજીના હસ્તાક્ષર માટે વિનંતી કરી. હરિજન ફંડ માટે રૂપિયા પાંચ લીધા પછીજ હસ્તાક્ષર આપવાનો ગાંધીજીનો નિયમ હતો તે તેમને ખબર હતી પણ તેમના ખિસ્સામાંથી પાંચને બદલે દશ રૂપીઆની જ નોટ નીકળી. "સોદો કેમ પતાવવો" તેની વિમાસણમાં આ વેપારી મહાશય પડી ગયા. કારણ જો દશ રૂપિઆની નોટ તેઓ ગાંધીજીને આપે તો ગાંધીજી દશે દશ રૂપિયા ફંડ માટે રાખી લે તેવો તેમને ભય હતો.

સરદાર પટેલ તેમની આ મૂંઝવણ સમજી ગયા અને પોતાની લાક્ષણિક ઢબે ટકોર કરતાં બોલ્યા: "તમે એમ કરોને, તે દશ રૂપિયાની નોટના બે ટૂકડા કરી નાખો ને તેમાંનો એક ટુકડો બાપુને આપો એટલે હિસાબ સરભર થઇ જશે."

આ સાંભળી ગાંધીજી હસીને બોલી ઉઠયા, "અરે ......તે તો પાકિસ્તાન કરવા જેવું થશે. નોટના બે ટૂકડા કરશો તો તે મને કે તમને કોઇને કામ નહિ લાગે અને તેનો ખરો લાભ તો બ્રિટિશ સરકારને

મળશે." બિર્લા હાઉસના વિશાળ ખંડમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

દેશના ભાગલા પાડવા તરફ ગાંધીજીનું કેવું વલણ હતું તે જાણવા ગાંધીજીનો આ જવાબ ઘણોજ સૂચક છે.

* * *

મુંબઇમાં બ્રેબોર્ન સ્ટેડિયમ બંધાયા પહેલાં મોટા ક્રિકેટ-જંગો આઝાદ મેદાનપરનાં બોમ્બે જીમખાના ગ્રાઉન્ડ પર ખેલાતા હતા. આવો એક રસાકસિ ભર્યો ક્રિકેટ-મેચ પ્રખ્યાત ઇંગ્લિશ ખેલાડી ડી. આર. જાર્ડિન-ની સરદારી નીચે આવેલી એમ. સી. સી. ટીમ અને મુંબઇની ટીમ વચ્ચે ચાલી રહ્યો હતો. મુંબઇના કવોડ્રેન્ગ્યુલરના વિખ્યાત 'બેટસમેન' શ્રી એલ. પી. જાઇ (જેને મુંબઇના ક્રિકેટ-રસિકો "લલ્લુકાકા" ના લાડિલા નામથી ઓળખે છે) તેઓ એમ. સી. સી. ના ધરખમ બોલર્સને હંફાવી રહ્યા હતા. શ્રી જાઇની ફટકાબાજીથી તમાશબીનો ખૂશખૂશ હતા ત્યાં આઝાદ મેદાનના એક ખુણા પરથી કોઇએ આકાશમાં ચઢાવેલ પતંગ આબાદ "પિચ" પર આવીને પડયો. બરાબર આજ વખતે શ્રી. જાઇએ આગળ વધીને ફટકો મારવા બેટ ઉંચકયું અને પતંગની દોરી તેમાં ગુંચવાઇ જતાં તેઓ બરાબર રમી ન શકયા અને દડાએ તેમની 'મિડલ સ્ટમ્પ' ઉડાડી નાખી. બન્ને અમ્પાયર્સ પણ આ જોઇ વિચારમાં ગરકાવ થઇ ગયા કારણ આવો બનાવ ક્રિકેટના ઇતિહાસમાં અભૂતપૂર્વ હતો.

શ્રી. જાઇ તો પોતે "આઉટ" થઇ ગયા તેમ માની પેવિલિયન તરફ ચાલવા લાગ્યા. લોકો "લલ્લુકાકા"ને આમ આકસ્મિક રીતે "આઉટ" થઇ ગયા જોઇ હતાશ થઇ ગયા અને બોમ્બે જીમખાના ગ્રાઉન્ડ પર શોકનાં વાદળ છવાઇ ગયાં. પણ એમ. સી. સી. ના કેપ્ટન શ્રી. જાર્ડિન તરતજ તેમની નજીક દોડી ગયા. તેમણે શ્રી. જાઇને અટકાવ્યા અને ફરીને તેમનો દાવ ચાલુ રાખવાને વિનંતિ કરી.

શ્રી. જાઇ "પીચ" પર પાછા ફર્યા અને તેમણે ફરી દાવ લેવો શરૂ કર્યો ત્યારે મુંબઇની ક્રિકેટ-ઘેલી જનતાએ શ્રી. જાર્ડિનની ખેલદિલીને ગગનભેદી હર્ષનાદો અને બ્યુગલના અવાજથી જે અંજલી આપી હતી તે હૃદયંગમ દૃશ્ય નજરે જોનારાઓનાં સ્મૃતિપટ પરથી ભાગ્યેજ વિસરાશે.


* * *

બૉમ્બે ટોકીઝના સ્ટુડિયોના 'મેઇક-અપ રૂમ' માં અમો તથા શ્રી. દિલીપકુમાર બેઠા હતા. તેઓએ તેમનાં ચિત્ર "દાગ" નું શુટિન્ગ જોવા અમોને આમંત્રેલ. શુટિન્ગ પૂરૂં થતાં તેઓ તેમના 'મેઇક-અપ'ના રંગો સાફ કરી અમોને મલાડથી ગ્રાન્ટ રોડ સુધી મૂકી જવાના હોઇ, અમો તેમની સાથે એટમ-બોમ્બ અને ગાંધીવાદથી માંડી ક્રિકેટ અને હોકી સુધીના વિષયો ચર્ચી રહ્યા હતા.

ત્યાં "મેઇક-અપ" ઉતારતાં તેમણે ડ્રેસિન્ગ ટેબલ પરનો દાંતિયો ઉપાડી પોતાના વાળનું સમારકામ કરવા માંડ્યું.

".........બીજું તો ઠીક પણ તમોએ આ જથ્થાબંધ વાળ રાખવાની દિલીપકુમાર કટ જે ફેશન ચલાવી છે તેથી હેર કટિન્ગ સલૂનવાળા અને હજામોના ધંધામાં ભયંકર મંદી આવી ગઇ છે કારણ આજ કાલ હજારો યુવકોએ તમારી માફક આગળ વાળના ગુચ્છા રાખી, વાળ કપાવવાનું કામકાજ બહુ ઓછું કરી નાખ્યું છે. તમો હવે આમાં કંઇ ફેરફાર કરોતો સારૂં નહિતર આ ફિલ્મી નકલની ઘેલછા આજના યુવાનોના ચહેરાના કેવા હાલ કરશે તે કહી શકાતું નથી. કે પછી આમાં કઇ તમારી ટ્રેઇડ સીક્રેટ છે ?" મેં રમુજ કરતાં કહયું.

શ્રી દિલીપકુમાર ખૂબ હસી પડયા અને બોલી ઉઠયા "ખરૂં કહું? બાબત કંઇક આવીજ છે. જો મારી પોલ બહાર ન પાડી દયો તો તમને આ કહેવાતી દિલીપ-કુમાર હેર સ્ટાઇલનું રહસ્ય સમજાવું. વાત એમ છે કે મારા વાળ એવાતો અરછટ છે કે તે ઓળ્યા પછી અમુક જગ્યાએ સ્થિર રહેતાજ નથી. જો હું તેને સ્થિર રાખવા પ્રયત્ન કરૂછું તો મારૂં ધ્યાન એકટિન્ગ કરતાં વાળ તરફ વધારે રહેતું હોઇ, હું ધાર્યો અભિનય કરી શકતો નથી. તેથી વાળને તેમના તેમ રહેવા દઉં છું."



( સૌજન્ય 'પ્રવાસી')   કારટુનીસ્ટ : રમેશ બુચ

**કથાકાર** :—"ભાવિક શ્રોતાજનો ! આજના આ બદલાતા જતા જમાનામાં હરીનું નામ તો શું પણ હરી કથા પણ શ્રવણ કરવા ઘણા લોકો નથી આવતા. પણ મને કહેતાં હર્ષ થાય છે કે આ આખો શ્રાવણ માસ અહિં આ કિશોર તેના બાપુ સાથે આવે છે. આવડી નાની ઉમરમાં તેને હરીકિર્તનમાં રસ પડવા લાગ્યો છે તે એક શુભ નીશાની છે. બોલ જોઉં કે કિશોર ! આ આખ્યાનમાંના કયા વિષયમાં તેને વધુ રસ પડે છે?"

**આજનો કિશોર** :—"શાસ્ત્રીજી ! તમે બોલ્યા કરો છો તેમાં મને કશો રસ નથી. મને અને મારા બાપુને તો તે પછી જે પ્રસાદ દેવામાં આવે છે તેમાંજ રસ છે. અને તે માટેજ અમો હરરોજ અહીં આવીએ છીએ....કેમ બાપુજી ?"


**સૌરાષ્ટ્ર ચિત્રશાળા**
રાજકોટ

સૌરાષ્ટ્ર સરકાર
પ્રમાણિત

સૌરાષ્ટ્રની એક અને અદ્યતન કળાશાળા
એસ. સી. સી. આર્ટના અભ્યાસ માટે
પણ સંપૂર્ણ વ્યવસ્થા છે
ઠે. જ્યુબીલી સામે–રાજકોટ

★

**શ્રી ગાયત્રી પ્રીન્ટીંગ પ્રેસ**

સીડી લાઈન–રાજકોટ

દરેક જાતનું કલાત્મક અને વ્યાજબી
ભાવથી છાપકામ કરનાર

★



તંત્રી અને પ્રકાશક : મહેશકુમાર શાન્તિલાલ ધોળકીયા
મુદ્રક : શ્રી ગાયત્રી પ્રિ. પ્રેસ–રાજકોટ